યોગનિષ્ઠ મુનિરાજ શ્રી બુદ્ધિસાગરજીકૃત.

पूजासंग्रह.

(અષ્ટપ્રકારીપૂજા, વાસ્તુકપૂજા તથા

વીરવિજયજીકૃત સ્નાત્રપૂજા.)

શ્રી વસોના જૈન સંઘ-હસ્તે શેઠ જેઠાભાઈ

નથુભાઈની સહાયતાથી

प्रकाशक-श्री जैनोदय बुद्धिसागर समाज.

કિંમત રૂ. ૦-૨-૦.

"મને હો વીરનું શરણું."

(કવ્વાલિ.)

જગતમાં સર્વ યોદ્ધામાં, પ્રભુ ! મહાવીર ! તું મોટો,
હટાવ્યો મોહને જલ્દી, મને હો વીરનું શરણું. ૧

અતિ ગંભીરતા તારી, ગમન શાળાવિષે કીધું,
જણાવ્યું નહિ સ્વયં જ્ઞાની, મને હો વીરનું શરણું. ૨

જણાવી માતૃભક્તિ બહુ, અરે ! જનનીઉદરમાંહિ,
પ્રતિજ્ઞા-પ્રેમ જાળવવા, મને હો વીરનું શરણું. ૩

અરે ! ઓ ! જ્યેષ્ઠ બંધુની, ખરી દાક્ષિણ્યતા રાખી,
ગુણો ગણતાં લહું નહિ પાર, મને હો વીરનું શરણું. ૪

યશોદા સાથ પરણીને, રહ્યા નિર્લેપ અંતરથી,
થશે ક્યારે દશા એવી, મને હો વીરનું શરણું. ૫

જગત્ ઉદ્ધાર કરવાને, યતિનો ધર્મ લીધો તેં,
સહ્યા ઉપસર્ગ સમભાવે, મને હો વીરનું શરણું. ૬

અલૌકિક ધ્યાન તેં કીધું, ગયા દોષો, થયા નિર્મલ,
થયો સર્વજ્ઞ ઉપકારી, મને હો વીરનું શરણું. ૭

ઘણા ઉપદેશ દીધા તેં, ચતુર્વિધ સંઘને સ્થાપ્યો,
તને મેં ઓળખી લીધો, મને હો વીરનું શરણું. ૮

અનંતાનંદ લીધો તેં, જીવન તારૂં વિચારૂં હું,
"બુદ્ધ્યબ્ધિ" બાળ હું તારો, શરણુ તારૂં-શરણુ તારૂં. ૯

श्री

पूजासंग्रह.

અષ્ટપ્રકારીપૂજા, વાસ્તુકપૂજા તથા
વીરવિજયજીકૃત સ્નાત્રપૂજા.

રચનાર,
યોગનિષ્ઠ મુનિમહારાજ શ્રી બુદ્ધિસાગરજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
શ્રી જૈનોદય બુદ્ધિસાગર સમાજના
સેક્રેટરી, મ્હેતા ગોવિંદજી ઉમેદભાઇ.
મુ. સાણંદ.

સુધારા વધારા સાથે આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦.

વીરસંવત ૨૪૩૮. સંવત ૧૯૬૮.

કિંમત રૂ. ૦-૨-૦

અમદાવાદમાં

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

શ્રી વીરવિજયજીકૃત સ્નાત્રપૂજાની વિધિ.

પ્રથમ દૂધ, દહીં, ઘી, કેશર, ફુલ અને જળનું પંચામૃત કરી બે કળશ એક પાટલા ઉપર ચોખાના બે સ્વસ્તિક કરી તે ઉપર મુકવા. કળશને મોંઢે નાડાછડી બાંધવી. એક ત્રણ બાજોઠનું સિંહાસન કરી તે ઉપર પ્રભુજી પધરાવવાનું સિંહાસન મૂકી તેમાં એક રકેબીમાં કેશરના બે સ્વસ્તિક કરી, ત્રણ નવકાર ગણી એક ધાતુની પંચતીર્થી પ્રતિમાજી તથા એક સિદ્ધચક્રજીની પ્રતિમાજી પધરાવવાં. પ્રતિમાજીનું મુખ ઉત્તર વા પૂર્વતરફ રાખી પધરાવવાં. પ્રતિમાજી નીચે એક પૈસો મૂકવો. સિંહાસનના વચલા બાજોઠ ઉપર ચોખાનો એક સ્વસ્તિક કરી એક ફળ મુકવું. પ્રતિમાજી પધરાવવાના સિંહાસનના એકછેડે નાડાછડી બાંધવી. એક રકેબીમાં થોડા કેશરવાળા ચોખા કરી રાખવા અને એક રકેબીમાં થોડાં છુટાં ફુલ રાખવાં અને નાડાછડીના પાંચ સાત કકડા કરી રાખવા અને ચામર, દર્પણ, પંખો, ઘંટ વગેરે સામાન સિંહાસન પાસે રાખવો. જયાં વસ્ત્ર ચડાવવાનાં આવે ત્યાં નાડાછડીનો કકડો મૂકવો. ફુલની અછત હોય ત્યાં કેશરવાળા ચોખાનો ઉપયોગ કરવો. સ્નાત્ર ભણાવવાવાળો માણસ હાથમાં ફુલ લઇને ઊભો રહે અને વિધિ ભણાવનાર માણસ વિધિ શરૂ કરે. કુસુમાંજલિ બોલી "ફુલ ચઢાવવું." એમ લખ્યું હોય-વિધિ ભણાવનાર માણસ કુસુમાંજલિ ચઢાવવાનું કહે ત્યારે, ભગવાનને કુસુમાંજલિ ચઢાવવી. સાત વખત કુસુમાંજલિ ચઢાવી રહ્યા પછી સ્નાત્રીયો હાથ જોડીને ઊભો

રહે અને વિધિ ભણાવનાર વિધિ બોલ્યે જાય. જ્યારે "શુભ લગ્ને જિન જનમિયા"નો દુહો પૂરો થાય ત્યારે સ્નાત્રીયો ત્રણ ખમાસમણાં દઇ ચૈત્યવંદનની વિધિપ્રમાણે ચૈત્યવંદન કરે તે જયવીયરાયનો પાઠ "આભવમખંડા" સુધી કહી હાથમાં કળશ લઇને ઊભો રહે. ને વિધિ ભણાવનાર જ્યારે "વૃષભ રૂપ કરી શ્રૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે" એ પાઠ બોલે ત્યારે જળનો પ્રભુજીને અભિષેક કરે. પછી તે ઢાળ પૂરી થયા પછી ભગવાનને સિંહાસનમાંથી બહાર લઇ ચોખ્ખા પાણીથી ન્હવણ કરાવી અંગલુહણાં ત્રણ કરી ચંદનપૂજા કરે. પછી આરતી મંગળદીવો કરવો.

આ વિધિ સામાન્યપ્રકારે લખી છે, પરંતુ જ્યાં નાડાછડી લખી છે ત્યાં ઉત્તમ વસ્ત્રનો ઉપયોગ કરે વા ઉત્તમ ઉત્તમ દ્રવ્યનો ઉપયોગ શક્તિપ્રમાણે કરે તો તે ઉત્તમ છે.

ॐ श्री परमात्मने नमः

पण्डित श्री वीरविजयजीकृत स्नात्रपूजा.

(કાવ્ય) દ્રુતવિલંબિતવૃત્ત.

સરસશાંતિસુધારસસાગરં, શુચિતરં ગુણરત્નમહાગરં;
ભવિકપંકજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્. ૧

દોહા.

કુસુમાભરણ ઉતારિને, પડિમા ધરિયે વિવેક;
મજ્જનપીઠે થાપિને, કરિયે જલઅભિષેક. ૨

(પ્રભુને જમણા અંગુઠે થોડા ચોખ્ખા જળનો અભિષેક કરી ત્રણ અંગલુહણાં કરી ચંદનની પૂજા કરવી.)

ગાથા-આર્યા.

જિણજમ્મસમય મેરૂ-સીહરમ્મિ રયણકણયકલસેહિં;
દેવાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ. ૩

કુસુમાંજલિ-ઢાળ.

નિર્મલ જલકલશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલખ અંગ ધરાવે;
કુસુમાંજલિ મહેલો આદિજિણંદા.
સિદ્ધસ્વરૂપી અંગ પખાલી, આતમ નિર્મલ હુઇ સુખમાલી;
કુસુમાંજલિ મહેલો આદિજિણંદા. ૪

ગાથા-આર્યા.

મચકુંદચંપમાલઇ-કમલાઇં પુપ્ફ પંચ વણ્ણાઈ;
જગનાહન્હવણસમયે, દેવા કુસુમાંજલીદિંતી. ૫
કુસુમાંજલિ મહેલો આદિજિણંદા. (ફૂલ ચઢાવવું. ૧)

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ-ઢાળ.

રયણસિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુ ચરણે દીજે;
કુસુમાંજલિ મહેલો શાંતિજિણંદા.

દોહા.

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિકદુરિતહરનાર. ૬

(ફુલ ચઢાવવું. ૨)

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ-ઢાળ.

કૃષ્ણાગર વરધૂપ ધરીજે, સુગંધ કર કુસુમાંજલિ દીજે.
કુસુમાંજલિ મહેલો નેમિ જિણંદા. ૧

ગાથા-આર્યા.

જસુ પરિમલબલ દહદિસિ, મહુકરજંકારસદ્દ સંગીયા;
જિણચલણોવરિ મુક્કા, સુરનર કુસુમાંજલી સિદ્ધા. ૭

(ફુલ ચઢાવવું ૩.)

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ-ઢાળ.

પાસ જિણેસર જગજયકારી, જલ થલ ફુલ ઉદક કરધારી;
કુસુમાંજલિ મહેલો પાર્શ્વ જિણંદા. (ફુલ ચઢાવવું. ૪)

દોહા.

મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ;
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણકાલ. ૮

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

કુસુમાંજલિ-ઢાળ.

વિવિધકુસુમવરજાતિ ગહેવી, જિન ચરણે પ્રણમંત ઠવેવી;
કુસુમાંજાલ મહેલો વીરજીણંદાં. (ફુલ ચઢાવવું. ૫)

વસ્તુછંદ.

ન્હવણકાલે ન્હવણકાલે, દેવદાણવ સમુચ્ચિય,
કુસુમાંજલિ તહિં સંઠવીય, પસરંત દિસિ પરિમલ સુગંધિય,
જિણપયકમલે નિવડેઇ, વિગ્ઘ હર જસ નામમંતો,
અનંતહ ચઉવીસ જિન, વાસવ મલિય અસેસ.
સાકુસુમાંજલિ સુહ કરો, ચઉવિહ સંઘ વિસેસ. ૯
કુસુમાંજલિ મહેલો ચઉવીસ જિણંદા.

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય:

કુસુમાંજલિ-ઢાળ.

અનંત ચોવીસી જિનજી જુહારૂં, વર્ત્તમાન ચઉવીસી સંભારૂં;
કુસુમાંજલિ મહેલો ચોવીશ જિણંદા. (ફુલ ચઢાવવું. ૬)

દોહા.

મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીશ;
ભક્તિભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ. ૧૦

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય:

કુસુમાંજલિ-ઢાળ.

અપછરમંડળ ગીત ઉચ્ચારા, શ્રીશુભવીર વિજય જયકારા;
કુસુમાંજલિ મહેલો સર્વ જિણંદા. (ફુલ ચઢાવવું. ૭)

ઇતિ શ્રી કુસુમાંજલય:

કલશ.

દોહા.

સયલજિણેસરપાય નમિ, કલ્યાણકવિધિ તાસ;
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પુગે આશ. ૧

ઢાળ–એક દિન અચિરા હુલરાવતી. એ દેશી.

સમકિતગુણઠાણે પરિણુમ્યા, વલી વ્રતધર સંયમ સુખ રમ્યા;
વીશથાનકવિધિએ તપ કરી, એસી ભાવદયા દિલમાં ધરી. ૧
જો હોવે મુજ શક્તિ ઇસી, સવિ જીવ કરૂં શાસનરસી;
શુચિરસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકરનામનિકાચતા. ૨
સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચવિ પન્નર ક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવીકુલે. ૩
પટરાણીકુખે ગુણનિલો, જેમ માનસરોવર હંસલો;
સુખશય્યાએ રજની શેષે, ઉતરતાં ચૌદ સુપન દેખે. ૪

ઢાળ–સ્વપ્નાની.

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઇઠો;
ત્રીજે કેસરીસિંહ, ચોથે લક્ષ્મી અબીહ. ૧
પાંચમે ફુલની માળા, છઠ્ઠે ચંદ્રવિશાલા;
રવિ રાતો ધ્વજ મ્હોટો, પૂર્ણકલશ નહિ છોટો. ૨
દશમે પદ્મસરોવર, અગીઆરમે રત્નાગર;
ભુવનવિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી. ૩
સ્વપ્ન લઇ જઇ રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે;
પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફલશે. ૪

વસ્તુ છંદ.

અવધિનાણે અવધિનાણે, ઉપન્યા જિનરાજ,
જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુસુખકાર,
મિથ્યાત્વ–તારા નિર્બળા, ધર્મઉદય–પરભાત,
સુંદર માતા પણ આણંદિયાં, જાગતી ધર્મવિધાન,
જાણંતી જગતિલકસમો, હોશે પુત્ર પ્રધાન. ૧

દોહા.

શુભલગ્ને જિન જનમિયા, નારકીમાં સુખજ્યોત;
સુખ પામ્યા ત્રિભુવનજના, હુઆ જગતઉદ્યોત. ૧

હવે ચૈત્યવંદન કરવું તેની વિધિ.

(વીર આસને બેસી બે હાથ જોડી પ્રભુજી સામી દ્રષ્ટિ રાખી) ઇચ્છાકારેણ સંદીસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં. ઇચ્છં ચૈત્યવંદન કરૂં,

શ્લોક.

સકલકુશલવલ્લી, પુષ્કરાવર્ત્તમેઘો,
દુરિતતિમિર ભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ;
ભવજલનિધિપોતઃ સર્વસંપત્તિહેતુઃ,
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ. ૧

જગચિંતામણિ ચૈત્યવંદન.

જગચિંતામણિ જગનાહ, જગગુરૂ જગરખ્ખણ,
જગબંધવ જગસથ્થવાહ, જગભાવવિઅખ્ખણ;
અટ્ઠાવયસંઠવિઅરૂવ, કમ્મટ્ઠ વિણાસણ,
ચઉવીસંપિ જિણવર, જયંતુ અપ્પડિયહયસાસણ. ૧
કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં, પઢમં સંઘયણિ,
ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઇ,
નવકોડિહિં કેવલીણ, કોડી સહસ્સ નવસાહુ ગમ્મઇ,
સંપઇ જિણવર વીસમુણિ, બિહું કોડિહિં વર નાણ;
સમણહ કોડિ સહસ્સદુઅ થુણિજ્જિઅ નિચ્ચ વિહાણી. ૨
જયઉ સામી જયઉ સામી, રિસહ સત્તુંજિ,
ઉજ્જિંતપહુનેમિજિણ, જયઉ વીર સચ્ચઉરિમંડણ,
ભરૂઅચ્છહિં મુણિસુવ્વય, મુહરિપાસ દુહદુરિઅખંડણ,

અવરવિદેહિં તિથ્થયરા, ચિંહુ દિસિવિદિસિજિંકેવી,
તીઆણાગય સંપઈઅ, વંદુ જિણસવ્વેવિ. ૩
સત્તાણુવઇ સહુસ્સા, લખ્ખા છપ્પન્ન અઠ્ઠકોડીઓ;
બત્તીસ બાસિઆઇં, તિઅ લોએ ચેઇએ વંદે. ૪
પનરસ કોડિ સયાઇં, કોડી બાયાલ લખ્ખઅડવન્ના;
છત્તીસ સહસ અસિઆઇં, સાસય બિંબાઇં પણમામિ. ૫

જંકિંચિ.

જંકિંચિ નામ તિથ્થં, સગ્ગે પાયાલિમાણુસેલોએ;
જાઇં જિણબિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ. ૧

નમુથ્થુણું વા શક્રસ્તવ.

નમુથ્થુણં અરિહંતાણં, ભગવંતાણં. ૧
આઇગરાણં તિથ્થયરાણં સયંસંબુદ્ધાણં. ૨
પુરિસુત્તમાણં પુરિસસીહાણં પુરિસવર પુંડરિઆણં,
પુરિસવરગંધહથ્થીણં. ૩
લોગુત્તમાણં લોગનાહાણં, લોગહિઆણં લોગપઇવાણં,
લોગપજ્જોઅગરાણં. ૪
અભયદયાણં ચખ્ખુદયાણં, મગ્ગદયાણં સરણદયાણં,
બોહિદયાણં. ૫
ધમ્મદયાણં ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં,
ધમ્મસારહીણં ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં. ૬
અપ્પડિહયવરનાણં, દંસણધરાણં, વિઅટ્ટછઉમાણં. ૭
જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં,
બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮
સવ્વન્નુણં સવ્વદરિસિણં, સિવમયલમરૂઅમણંતમખ્ખય-
મવ્વાબાહમપુણરાવિત્તિ સિદ્ધિગઇનામધેયં ઠાણં સંપત્તાણં
નમો જિણાણં, જિઅ ભયાણં. ૯

જેઅ અઈઆ સિદ્ધા, જેઅ ભવિસ્સંતિણાગએ કાલે;
સંપઈઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦
સંપદા ૯, ગાથા ૧૩, પદ ૩૩, ગુરૂ ૩૩, લઘુ ૨૬૪, સર્વ વર્ણ ૨૯૭.

જાવંતિ ચેઇઆઇં.

જાવંતિ ચેઈઆઇં, ઉડ્ઢે અ અહેઅ તિરિઅલોએઅ;
સવ્વાઇં તાઇં વંદે, ઇહસંતો તત્થ સંતાઇં. ૧

જાવંત કેવિ સાહૂ.

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહેઅ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં. ૧

નમસ્કાર.

નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ૧

ઉપસર્ગહર સ્તવન.

ઉવસગ્ગહરંપાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં;
વિસહરવિસનિન્નાસં, મંગલકલ્લાણઆવાસં. ૧
વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઇ જોસયા મણુઓ;
તસ્સગ્ગહરોગમારી, દુઠ્ઠજરા જંતિ ઉવસામં. ૨
ચિઠ્ઠઉ દૂરેમંતો, તુજ્ઝપણામોવિ બહુફલોહોઈ;
નરતિરિએસુવિ જીવા, પાવંતિ ન દુખ્ખદોગચ્ચં. ૩
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિકપ્પપાયવબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪
ઇઅસંથુઓ મહાયસ, ભત્તિબ્ભરનિબ્ભરેણ હિઅએણ;
તાદેવ દિજ્જબોહિં, ભવે ભવે પાસ જિણચંદ. ૫
પદ ૨૦, સંપદા ૨૦, ગુરૂ ૨૦, લઘુ ૧૬૫, સર્વવર્ણ ૧૮૫

જયવીયરાય.

જયવીયરાય જગગુરૂ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં;
ભવનિવ્વેઓ મગ્ગાણુ,-સારિઆ ઈઠ્ઠફલસિદ્ધિ. ૧

લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ પરત્થકરણંચ;
સુહગુરૂજોગો તવ્વયણ,-સેવણા આભવમખંડા. ૨

(અહિં સુધી કહી ઉભા થઇ સ્નાત્રીઆએ કળશ હાથમાં લઇ પ્રભુજીના ડાબા અંગ તરફ ઉભા રહેવું. પછી વિધિ કરનાર વિધિ ભણે.)

ઢાળ-દેશી કડખાની.

સાંભળો કલશ જન્મમહોત્સવનો ઈહાં,
છપ્પન કુમરિ દિશિ વિદિશિ આવે તિહાં;
માય સુત નમિય આણંદ અધિકો ધરે,
અષ્ટ સંવર્ત્ત વાયુથી કચરો હરે. ૧
વૃષ્ટિ ગંધોદકે અષ્ટકુમરી કરે,
અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે;
અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી,
ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી. ૨
ઘર કરી કેળનાં, માય સુત લાવતી,
કરણ શુચિકર્મ જલ-કલશેં ન્હવરાવતી;
કુસુમ પૂજી અલંકાર પહેરાવતી,
(વધાવી નાડાછડી મૂકવી.)
રાખડી બાંધી જઈ, શયન પધરાવતી. ૩
નમિય કહે માય તુજ બાલ લીલાવતી,
મેરૂ રવીચંદ્ર લગે, જીવજો જગપતિ;
સ્વામી ગુણ ગાવતી, નિજ ઘર જાવતી,
તિણ સમે ઇંદ્રસિંહાસન કંપતિ. ૪

ઢાળ-એકવીશાની.

જિન જન્મ્યાજી, જિણ વેલા જનનીઘરે,
તિણ વેલાજી, ઇંદ્રસિંહાસન થરહરે;

દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા,
દિશિનાયકજી, સોહમ ઇશાન બિહુ તદા. ૧

ત્રુટક.

તદા ચિંતે ઇંદ્ર મનમાં, કોણ અવસર એ બન્યો;
જિનજન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો. ૧
સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણ સુરમેં કરે;
સવિદેવી દેવા જન્મમહોત્સવે, આવજ્યો મલિ સુરગિરિવરે. ૨

ઢાળ–પૂર્વલી.

એમ સાંભળીજી, સુરવર કોડી આવી મલે,
જન્મ મહોત્સવજી, કરવા મેરૂ ઉપર ચલે;
સોહમપતિજી, બહુ પરિવારે આવીઆ,
માય જીનનેજી, વાંદી પ્રભુને વધાવીઆ. ૧
(ફુલ તથા કેશરવાળા ચોખાથી વધાવવા.)

ત્રુટક

વધાવી બોલે હે રત્નકુખ, ધારિણી તુજ સુતતણો;
હું શક્ર સોહમનામે કરશું, જન્મ ઉત્સવ અતિઘણો. ૧
એમ કહી જિનપ્રતિબિંબ સ્થાપી, પંચરૂપે પ્રભુ ગ્રહી;
દેવદેવી નાચે હર્ષસાથે, સુરગિરિ આવ્યા વહી. ૨

ઢાળ–પૂર્વલી.

મેરૂ ઉપરજી, પાંડુક વનમેં ચિહું દિશે,
શિલ્લા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે;
તિહાં બેશીજી, શક્રે જિન ખોળે ધર્યા,
હરિ ત્રેસઠજી, બીજા તીહાં આવી મળ્યા. ૧

ત્રુટક.

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કલસ અડજાતિના;
માગધાદિજળ તીર્થઔષધિ, ધૂપવલિ બહુ ભાતિના. ૧

અચ્યુતપતિયે હુકમ કીનો, સાંભળો દેવા સવે,
ખીરજલધિગંગાનીર લાવો, ઝટિતિ જિન મહોત્સવે. ૨

ઢાળ–વિવાહલાની.

સુર સાંભલીને સંચરિયા, માગધ વરદામેં ચલિયા;
પદ્મદહ ગંગા આવે, નિર્મલ જલ કલશ ભરાવે. ૧
તીરથફળ ઔષધિ લેતા, વળી ખીરસમુદ્રે જાતા;
જલકલશા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાલ લાવે. ૨
સિંહાસન ચામર ધારી, ધૂપધાણાં રકેબી સારી;
સિદ્ધાંતે ભાખ્યાં જેહ, ઉપકરણ મિલાવે તેહ. ૩
તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે;
કલશાદિક સહુ તિહાં ઠાવે, ભકતેં પ્રભુના ગુણ ગાવે. ૪

ઢાલ–રાગ ધન્યાશ્રી.

આતમભક્તિ મળ્યા કેઇ દેવા, કેતા મિત્તનુજાઇ,
નારીપ્રેર્યા વલિ નિજકુલવટ, ધર્મી ધર્મ સખાઈ;
જોઇસવ્યંતર ભુવનપતિના, વૈમાનિક સુર આવે,
અચ્યુતપતિ હુકમે ધરિ કલસા, અરિહાને ન્હવરાવે. આ૦ ૧
(થોડો જળઅભિષેક કરવો.)
અડજાતિ કલશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢિશેં ગુણા કરી જાણો;
સાઠલાખ ઉપર એક કોડિ, કલશાના અધિકાર,
બાસઠ ઇંદ્રતણા તિહાં બાસઠ, લોકપાલના ચાર. આ૦ ૨
ચંદ્રની પંકિત છાસઠ, છાસઠ–રવિસેણી નરલોકો,
ગુરૂસ્થાનક સુરકેરો એકજ, સામાનિકનો એકો;
સોહમપતિ ઇશાનપતિની, ઇંદ્રાણીના સોલ,
અસુરની દશઇંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ. આ૦ ૩

જ્યોતિષ વ્યંતર ઇંદ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો,
કટકપતિ અંગરક્ષકકેરો, એક એક સુવિવેકો;
પરચૂરણ સુરનો એક છેલ્લો, એ અઢીશેં અભિષેકો,
ઇશાનઇંદ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો. આ૦ ૪
તવ તસ ખોળે ઠવિ અરિહાને, સોહમપતિ મનરંગે,
વૃષભરૂપ કરિ શ્રૃંગ જલે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે;

(બધા જળનો અભિષેક કરવો.)

પુષ્પાદિક પૂજીને છાંટે, કરિ કેસર રંગરોલે,
મંગલદીવો આરતી કરતાં, સુરવર જય જય બોલે. આ૦ ૫
ભેરી ભુંગલ તાલ બજાવત, વળિયા જિન કર ધારી,
જનનીઘર માતાને સોંપી, એણિપરેં વચન ઉચ્ચારી;
પુત્ર તમારો સ્વામી હમારો, અમે સેવક સાધાર,
પંચ ધાવ રંભાદિક થાપિ, પ્રભુ ખેલાવણહાર. આ૦ ૬
બત્રીશ કોડિ કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે,

(ફુલ, કેશરવાળા ચોખા, નાડાછડી વગેરે પ્રભુજી સન્મુખ ઉછાળવું.)

પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીશ્વર જાવે;
કરિય અઠ્ઠાઇ ઓચ્છવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે,
દીક્ષા કેવળને અભિલાષે, નિત નિત જિનગુણ ગાવે. આ૦ ૭
તપગચ્છઇસર સિંહસૂરિશ્વર,-કેરા શિષ્ય વડેરા,
સત્યવિજય પંન્યાસતણે પદ, કપૂરવિજય ગંભીરા;
ખિમાવિજય તસ સુજસવિજયના, શ્રી શુભવિજય સવાયા,
પંડિત વીરવિજય તસ શિષ્યે, જિન જન્મમહોત્સવ ગાયા. ૮
ઉત્કૃષ્ટા એકસોને સિત્તેરહ, સંપ્રતિ વિચરે વીશ,
અતીત અનાગત કાલે અનંતા, તીર્થંકર જગદીશ;

સાધારણ એ કલશ જે ગાવે, શ્રી શુભવીર સવાઇ,
મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ. આ૦ ૯

(ફુલ કેશરવાળા ચોખાથી વધાવવા. પછી સિંહાસનમાંથી પ્રભુજી તથા સિદ્ધચક્રજીને લઇ ચોખ્ખા પાણીથી પખાળ કરી ત્રણ અંગલુહણાં કરી કેશર (ચંદન) થી પૂજા કરી ફુલ ચડાવવાં અને સિંહાસન મધ્યેની રકેબીમાંથી પાણી કાઢી નાંખી ધોઇ સાફ કરી ફરી કેશરના સ્વસ્તિક કરી પધરાવવા, આરતી મંગળદીવો પ્રગટી બંનેને નાડાછડી બાંધી એક રકેબીમાં મૂકી કંકુના છાંટા નાંખી ચોખાથી વધાવવા, રકેબીમાં સોપારી તથા એક પૈસો મૂકવો, પછી રકેબી વચ્ચે રાખી સ્નાત્રીયાને સન્મુખ બેસારવો, રકેબીની એક બાજુ સાત માટીની કાંકરી તથા સાત મીઠાની કાંકરી લઇ એક મીઠાની કાંકરી અને એક માટીની કાંકરી એ રીતે દરેક ઢગલીમાં મૂકી સાત ઢગલીઓ કરવી, પછી બીજી તરફ જળની કુંડી રાખવી, સ્નાત્રીયાને ઉભા પગે બેસારી ડાબા હાથ ઉપર જમણો હાથ રખાવી વિધિ ભણાવનાર માણસ સ્નાત્રીયાના હાથમાં દરેક વખતે એક મીઠાની અને એક માટીની કાંકરી આપી તે સાથે હાથેલીમાં ચોખ્ખા પાણીના કળશમાંથી થોડું પાણી આપે અને આરતી મંગળદીવાની રકેબી ફરતું લુણ ઉતરાવે તેની વિગત.)

લુણ.

લુણ ઉતારો જિનવરઅંગે, નિર્મલજલધારા મનરંગે. લુણ૦ ૧
જિમજિમ તડતડ લુણજ ફુટે, તિમતિમ અશુભકર્મબંધ
ત્રુટે. લુણ૦ ૨
નયન સલુણાં શ્રી જિનજીનાં, અનુપમરૂપ દયારસ ભીનાં. લુણ ૩

રૂપસલુણું જિનજીનું દીસે, લાજ્યું લુણ તે જલમાં પેસે. લુણ.૪
ત્રણપ્રદક્ષિણા દેઇ જલધારા, જલ નીખેવીએ લુણ ઉદારા.લુણ.૫
જે જિનઉપર દુમણો પ્રાણી, તે એમ થાજો લુણજ્યું
પાણી. લુણ. ૬
અગર કૃષ્નાગરૂ કુંદરૂ સુગંધે, ધૂપ કરીજે વિવિધ પ્રબંધે. લુણ. ૭
(એમ સાત વખત લુણ ઉતારવું. પછી આરતી ઉતારવી)

આરતી.

જય જય આરતિ શાંતિ તમારી,
તોરા ચરણકમલકિ મેં જાઉં બલિહારી. જય જય. ૧
વિશ્વસેન અચિરાજીકે નંદા,
શાંતિનાથમુખ પુનમચંદા. જય જય. ૨
ચાલીસ ધનુષ સોવનમયકાયા,
મૃગલંછન પ્રભુચરણ સોહાયા. જય જય. ૩
ચક્રવર્ત્તિ પ્રભુ પાંચમા સોહે,
સોલમા જીનવર જગ સહુ મોહે. જય જય. ૪
મંગળ આરતિ તોરી કીજે,
જનમ જનમનો લાહો લીજે. જય જય. ૫
કર જોડી સેવક ગુણ ગાવે,
સો નરનારી અમરપદ પાવે. જય જય. ૬

(પછી પ્રભુજી ન દેખે તેવી રીતે પડખે જઇને અગર પ્રભુજીના અને સ્નાત્રીયા વચ્ચે અંતરપડદો રાખી સ્નાત્રીયાના જમણા અંગુઠાઉપર કંકુનો ચાંડલો કરાવવો, પછી મંગળદીવો ઉતારવો. મંગળદીવો ઉતારતાં કપુર લાવેલા હોય તે સળગાવી રકેબીમાં મૂકી મંગળદીવો ઉતારવો.)

મંગળદીવો.

દીવો દીવો મંગળદીવો,
ભુવન પ્રકાશે મારા જિન ચિરંજીવો. દીવો. ૧
ચંદ્ર સૂરજ પ્રભુ તુમ મુખકેરા,
લુંછણ કરતા દે નિત ફેરા. દીવો. ૨
જિન તુજઆગળ સુરની અમરી,
મંગળદીપ કરી દિયે ભમરી. દીવો. ૩
જિમ જિમ ધૂપઘટી પ્રગટાવે,
તિમ તિમ ભવના દૂરિત દઝાવે. દીવો. ૪
નીર અક્ષત કુસુમાંજલિ ચંદન,
ધૂપ દીપ ફલ નૈવેદ્ય વંદન. દીવો. ૫
એણીપેરે અષ્ટપ્રકારી કીજે,
પૂજા સ્નાત્ર મહોત્સવ ભણીજે. દીવો. ૬

इति स्नात्रपूजा समाप्त.

अष्टप्रकारीपूजा.

દુહા.

શ્રીસંખેશ્વરપાર્શ્વજી, પુરીસાદાણી જેહ;
પદપંકજ નમી તેહના, રચના રચું ગુણગેહ. ૧
પૂજા અષ્ટપ્રકાર છે, આદ્ય ન્હવણ જયકાર;
ચંદન કુસુમને ધૂપની, પંચમ દીપ મનોહાર. ૨
અક્ષત નૈવેદ્ય ફુલ ઇમ, પૂજા અષ્ટપ્રકાર;
કરતાં શિવસુખ સંપજે, પામીજે ભવપાર. ૩
દ્રવ્ય ભાવ ભેદે કરી, પૂજે જે જિનરાય;
પૂજા કરતાં પ્રાણિયા, પૂજક પદવી પાય. ૪
શુભસિંહાસનમાં પ્રભુ-પડિમા સ્થાપી સાર;
સમયવિધિઅનુસારથી, પૂજીજે સુખકાર. ૫

(અનિહાંરે જિનમંદિર રલિયામણું રે-એ દેશી.)

બહુભાવે સુરવરકોડાકોડી મિલીરે, પ્રભુને સુરગિરિ લઇ જાય;
આઠજાતિ કલશા ભરીરે, પ્રભુન્હવણ કરે સુરરાય.
સુરવરકોડા. ૧
બહુભાવે નાચે રાચે જિન પ્રેમથીરે, અભિષેક કરી હરખાય;
તિમ પ્રભુપૂજા કરતાં થકાંરે, ભવ્યાતમ નિરમલ થાય.
સુરવરકોડા. ૨
બહુભાવે વિપ્રવધૂ જલ રેડતીરે, જિનપડિમાપર સુખકાર;
સ્વર્ગાદિકસુખ પામતીરે, તિમ ભવિયણ વર્તો સાર.
સુરવરકોડા. ૩

૧ जलपूजा.

(ધન ધન સંપ્રતિ સાચો રાજા-એ દેશી.)

શમજલથી આ ચેતન નિર્મલ, થાય કહે જિનવાણીરે;
શમજલથી શુદ્ધ ચેતનઅર્ચન, કરતાં ભવભય હાણીરે.
શમજલપૂજા ચેતન કરીએ. ૧
મિથ્યાત્વાવિરતિ કષાયને યોગ, તેથી કર્મ બંધાયરે;
ચારગતિમાં ભટકે ચેતન, વિવિધદુઃખને પાયરે. શમ. ૨
ગજસુકુમાલ શમજલપૂજા, કરતાં બહુસુખ પામ્યારે;
સ્કંધકસૂરિના શિષ્યો તેમજ, કર્મપંક ઝટ વામ્યારે. શમ. ૩
મુનિમેતાર્ય શમજલપૂજા, ચેતનની જિમ કીધીરે;
ભાવન્હવણ-શમચેતનઅર્ચન, કરતાં શિવફલસિદ્ધિરે. શમ. ૪
ભાવપૂજા સાધુ અધિકારી, દ્રવ્ય ભાવ દોય શ્રાદ્ધરે;
બુદ્ધિ શિવસુખ પામે શાશ્વત, હોવે નિરાબાધરે. શમ. ૫

ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीमते जिनेंद्राय जलं यजामहे स्वाहा.

---

२ चंदनपूजा.

દુહા.

બીજી ચંદનપૂજના, કરતાં પાપ પલાય;
મિથ્યાદોષ અનાદિનો, ટળતાં શિવસુખ થાય. ૧
પુદ્‌ગલસંગે આતમા, દુર્ગંધિયુત જાણ;
સુગંધે જિન પૂજતાં, સુવાસિત મન આણ. ૨

(સુણ બહેની પિયુડો પરદેશી–એ દેશી.)

ચંદનપૂજા કરો શુભભાવે, જિનવરની સુખકાજેરે;
ચંદનસમ ચેતનશીતલતા, થાતાં શિવસુખ છાજેરે. ચંદન. ૧
કેસર–ચંદન ઘસી જયણાયે, માંહે ઘનસાર મિલાવોરે;
રજતકચોલીમાંહે ઠવીને, પ્રભુપૂજા વિરચાવોરે. ચંદન. ૨
ચંદનપૂજાયોગે જયસુર, શુભમતિ શિવસુખ પામેરે;
તિમ ભવિયણ ચંદનપૂજાથી, જાયે અવિચલ ઠામેરે. ચંદન. ૩

(વીર જિનેશ્વર ઉપદિશે.–એ દેશી.)

ચંદનસમકિતભાવથી, પૂજન ચેતન કીજે રે;
મિથ્યામલ દૂરે કરી, અવિચલપદવી લીજેરે. ચંદન. ૧
દોષઅઢારરહિત પ્રભુ, દેવતત્ત્વ મન આણોરે;
સુસાધુ ગુરૂતત્ત્વ છે, દ્રવ્ય ક્ષેત્ર કાલ જાણોરે. ચંદન. ૨
જિનવરભાષિત સત્ય છે, ધર્મતત્ત્વ ચિત્ત લાવોરે;
દ્રવ્યસમકિત અવલંબતાં, ભાવસમકિતગુણ પાવોરે. ચંદન. ૩
ક્ષાયિકસમકિતચંદને, જે ભવિ ચેતન વાસેરે;
મિથ્યામતદૂરવાસના, તેહથકી દૂર નાસેરે. ચંદન. ૪
દ્રવ્યસમકિત છંડીને, ભાવસમ્યક્ત્વ જે થાપેરે;
તે તસ ખપ કરતાં થકાં, કિમ કરી ભવભય કાપેરે. ચંદન. ૫
સમકિતગુણે પૂજના, ચેતનની જે કરશેરે;
બુદ્ધિસાગર સુખ લહી, મુક્તિવધૂ ઝટ વરશેરે. ચંદન. ૬

ॐ ह्रीँ श्रीँ परमचंदनं यजामहे स्वाहा.

૩ કુસુમપૂજા.

દુહા.

પૂજા ત્રીજી પુષ્પની, કરીએ આણી ભાવ;
પૂજાથી પૂજકપણું, લહીએ આપસ્વભાવ. ૧
સુવાસિત સુક્ષેત્રથી, ઉપન્યાં ફુલ રસાલ;
લાવી અર્ચા જિન કરો, હોવે મંગલમાલ. ૨

(સાહેલડિયાંની દેશી.)

કુસુમપૂજા જિનની કરો, સુખકારિકા.
જિમ ભવભય દૂર થાય; દુઃખવારિકા.
ચંપક-માલતી-કેતકી, સુખ-
સુગંધી ફુલ લાય. દુઃખ. કુસુમ. ૧
કીટક ખાધું ન લીજીએ, સુખ.
ભૂમિ પડયું નિરધાર; દુઃખ.
વિવિધજાતિફુલથી, સુખ.
પૂજા પુણ્યપ્રકાર. દુઃખ. કુસુમ. ૨
મોગરો-જાસુલપુષ્પથી, સુખ.
ષડ્ઋતુનાં ફુલ; દુઃખ.
પ્રશસ્ય આગમે જે કહ્યાં, સુખ.
તે લહિયે અનુકુલ. દુઃખ. કુસુમ. ૩
વણિકસુતા લીલાવતી, સુખ.
પામી જિમ શિવસ્થાન દુઃખ.
તિમ ભવિ ભાવે કીજીએ, સુખ.
પૂજા શ્રીભગવાન. દુઃખ. કુસુમ. ૪

(વીરજિણેસર ઉપદિશે-એ દેશી.)

સત્યશૌચકુસુમે કરી, જે નિજ ચેતન પૂજેરે;
કર્મકલંક અનાદિનું, તેહથકી ઝટ ધ્રૂજેરે. સત્ય. ૧
સત્ય આત્મસ્વરૂપની, શ્રદ્ધા મનમાં કીજેરે;
ઉપનીતાદિકભેદને, જાણી સત્ય વદીજેરે. સત્ય. ૨
કુડકપટ ત્યાગી કરી, આપસ્વભાવે રહીએરે;
ત્યાગ કરી પરભાવનો, શિવસુખ સહેજે લહીએરે. સત્ય. ૩
મનવ્યાપારનિવૃત્તિથી, શાન્તિ ચેતન પામેરે;
આત્મઅનુભવ જાગતાં, કર્મરોગ ઝટ વામેરે. સત્ય. ૪
પરપુદ્‌ગલસંયોગથી, ચેતન ચઉગતિ ભટકેરે;
તેહતણા ત્યાગે કરી, ભમતો ચેતન અટકેરે. સત્ય. ૫
સ્વગુણેકરી સત્ય છે, આત્મરાય ભવિ જાણોરે;
બુદ્ધિસાગર સુખ લહી, હોવે શિવપુર રાણોરે. સત્ય. ૬

ॐ ह्रीँ श्रीँ परमकुसुमं यजामहे स्वाहा.

---

૪ धूपपूजा.

દુહા.

ચોથી પૂજા ધૂપની, દશાંગાદિક જાણ;
કર્મેંધનને બાળવા, કરતા ભવિક સુજાણ. ૧
ધૂપ કરો પ્રભુઆગળે, શાસ્ત્રવચનઅનુસાર;
કરતાં સુખ બહુ લીજીએ, તરીએ ભવજલપાર. ૨

(અનિહાંરે જિનમંદિર રળિયામણું રે-એ રાગ.)

ભવિ ભાવે ધૂપપૂજાજિનની કરોરે, જિમ જાવે ભવભયરોગ;
ચૂરણ શુદ્ધદશાંગથીરે, ધૂપ કરતાં નાસે શોગ. ધૂપપૂજા. ૧

ભવિ ભાવે ધૂપધાણું વામાંગે ઠવોરે, અંગરતુરૂક્કઘનસાર;
કુંદરૂચંદન ઉખેવતાંરે, પામીજે ભવજલપાર. ધૂપપૂજા. ૨
ભવિ ભાવે શાસ્ત્રવિધિઅનુસારથીરે, કરિયે ધૂપપૂજા શુદ્ધ;
સ્વર્ગતણાં સુખ પામિયેરે,વળીલહીએશિવપદ બુદ્ધ. ધૂપપૂજા.૩
ભવિ ભાવે વિનયંધર સુખ પામતોરે, ધૂપપૂજાથી વિસ્તાર;
તિમ ભવિ ભાવે કરતાં થકાંરે, બુદ્ધિ શિવસુખ નિરધાર.
ધૂપપૂજા. ૪

(ગિરૂઆરે ગુણ તુમતણા–એ દેશી.)

ધ્યાનધૂપની પૂજના, કરીએ ભવિજન ભાવેરે;
પરપુદ્‌ગલદુર્ગંધતા, તેહથકી દૂર જાવેરે. ધ્યાનધૂપ પ્રગટાવીએ ૧
આર્ત્ત–રૌદ્ર દુર્ધ્યાન છે, ધરતાં દુઃખ બહુ લહીએરે;
તેનો ત્યાગ કરી ભવિ,આપસ્વભાવે રહીએરે. ધ્યાન. ૨
ધર્મધ્યાન શુભગતિ દીએ, શુકલધ્યાન શિવ આપેરે;
ગુણઠાણે ગુણ ઉપજે, ભવોભવનાં દુઃખ કાપેરે. ધ્યાન. ૩
આત્મધ્યાન ધરતાંથકાં. દુર્ગંધી દૂર નાસેરે;
યોગસમાધિ લગાવતાં, ચઢીએ મોક્ષઆવાસેરે. ધ્યાન. ૪
અસ્થિર આ સંસારમાં, જીવે બહુદુઃખ સહિયાંરે;
નરકતણાં દુઃખ ભોગવ્યાં, તે નવિ જાએ કહિયાંરે. ધ્યાન. ૫
ચેતન નરક–નિગોદમાં, વાર અનંતી ભમિયોરે;
ચારગતિ સંસારમાં, અજ્ઞાને જીવ રમિયોરે. ધ્યાન. ૬
પુદ્‌ગલજામા પહેરીને, ચેતન નાટક કરતોરે;
રાજા કબહુ રંક થઇ, પુદ્‌ગલસંગે ફરતોરે. ધ્યાન. ૭
રૂવે નાચે ખેલતો, હસતો ખાતો રોગીરે;
કબહુ ચેતન ભોગી ને, કબહુ વિયોગી શોગીરે. ધ્યાન. ૮

કર્મે કરી એ સબ હુવે, કર્મ દૂર જબ થાવેરે;
બુદ્ધિસાગર સુખ લહી, ચિદ્દાનંદ કહાવેરે. ધ્યાન. ૯

ॐ ह्रीँ श्रीँ परमधूपं यजामहे स्वाहा.

---

૫ दीपपूजा.

દુહા.

દીપકપૂજા જિનની, કરીએ આણી ભાવ;
આતમગુણહિતકારિકા, ભવજલમાં જિમ નાવ. ૧
પ્રભુઆગળ દીપક ધરો, દક્ષિણપાસ રસાળ;
દ્રવ્યદીપકની પૂજના, કરતાં મંગળમાળ. ૨

(સુતારીના બેટા તુને વિનવુંરે લોલ-એ દેશી)

ભવિ ભાવે દીપકની પૂજનારે લોલ,
જિનઆગળ કરીએ નિત્યજો;
મિથ્યાત્વ અનાદિ નિવારીએરે લોલ,
પ્રભુ પૂજીએ ચોખે ચિત્તજો.
પ્રભુ દીપપૂજા રળિયામણીરે લોલ,
જયું પૂજા કરે સુર-ઇંદ્રજો;
તિમ પૂજો ભવિ જિનચંદ્રજો,
લહો શાશ્વત શિવસુખકંદજો. પ્રભુ. ૧
ધૂમઅજ્ઞાન નાસે વેગલુંરે લોલ,
શુદ્ધ આતમરૂપ પ્રગટાયજો;
રજત-કનક-તામ્રનાં કોડિયાંરે લોલ,
તેમાં ઘૃત ધરો હિત લાયજો. પ્રભુ. ૨

જિનમંદિરવાસણ માંજિયેરે લોલ,
ઘૃતકોડિયાં માંજિયે ખાસજો;
દીવા ઉઘાડા નવિ મૂકીએરે લોલ,
ચિત્ત હોય જો શિવસુખઆસજો. પ્રભુ. ૩
દીપપૂજાથી જિનમતિ ધનસિરિરે લોલ,
જિમ પામી શાશ્વતસુખઠાયજો;
તિમ ભક્તિભાવે જિન પૂજીએરે લોલ,
ઇમ બુદ્ધિસાગર ગુણ ગાયજો. પ્રભુ. ૪

(કોઈલો પર્વત ધુંધલોરે લોલ—એ દેશી.)

ભાવદીપક તે જ્ઞાન છેરે લાલ, ભવિજનઅતિસુખકારરે;
હું વારીલાલ.
મતિ અઠ્ઠાવીશ ભેદછેરે લાલ, ત્રણસેં ચાલીશ તિમ ધારરે.
હું. ભાવ. ૧
ચૌદ વીશ ભેદ શ્રુતનારે લાલ, પામતાં સુખ થાયરે; હું.
શ્રુતજ્ઞાની કેવલીસમોરે લાલ, પ્રેમે પ્રણમો પાયરે. હું. ભાવ. ૨
અવધિ અસંખ્ય પ્રકાર છેરે લાલ, મુખ્યભેદ ષટ્ ધારરે; હું.
મન: પર્યવ ભેદ દો કહ્યારે લોલ, કેવલ એક ઉદારરે. હું. ભાવ. ૩
કેવલજ્ઞાન પ્રત્યક્ષ છેરે લાલ, તેહથી સર્વ જણાયરે; હું.
તીર્થંકર તે ગુણ વરીરે લાલ, ઉપદેશ દે સુખદાયરે. હું. ભાવ. ૪
જ્ઞાનસહીત કિરિયા કહીરે લાલ, સાચો મોક્ષઉપાયરે; હું.
વસ્તુ એકાંતે જે ગ્રહેરે લાલ, ભવમાં તે ભટકાયરે. હું. ભાવ. ૫
વિનય કરો જ્ઞાનીતણોરે લાલ, જ્ઞાનીતણું બહુ માનરે; હું.
ભણો ભણાવો જ્ઞાનનેરે લાલ, લખો લખાવો જ્ઞાનરે. હું. ભાવ. ૬
શાસન ચાલે જ્ઞાનથીરે લાલ, ઉપદેશ જ્ઞાનથી થાયરે; હું.
સમકિત પ્રગટે જ્ઞાનથીરે લાલ, મિથ્યાત્વ દૂરે જાયરે. હું. ભાવ. ૭

પંચમકાલે આધાર છેરે લાલ, જ્ઞાન શ્રુત નિરધારરે; હું.
વરજો આશાતના શ્રુતતણીરે લાલ, પામો જયું ભવપારરે.
હું. ભાવ. ૮
જ્ઞાન ક્રિયા અંતર સુણોરે લાલ, ખજુઆ ભાનુ સમાનરે; હું.
દેશઆરાધક કિરિયારે લાલ, સર્વઆરાધક જ્ઞાનરે. હું. ભાવ. ૯
મહિમા જ્ઞાનનો અતિ ઘણોરે લાલ, ભાખ્યો તે નવિ જાયરે; હું.
આત્મસ્વરૂપ સમજો ભવિરે લાલ, પામો શિવપુરઠાયરે.
હું. ભાવ. ૧૦
કિરિયારહિત જ્ઞાન પાંગળું રે લાલ, આંધળી કિરિયા તેમરે; હું.
થાતાં સંગમ દોઉનોરે લાલ, થાવે શિવસુખક્ષેમરે. હું. ભાવ. ૧૧
આલંબન પ્રભુનું ગ્રહીરે લાલ, પૂજો ચેતનદ્રવ્યરે; હું.
બુદ્ધિસાગર સુખ લહીરે લાલ, પામે શિવપુર ભવ્યરે.
હું. ભાવ. ૧૨

ॐ ह्रीँ श्रीँ—परमदीपं यजामहे स्वाहा.

---

૬ अक्षतपूजा.

દુહા.

સમકિતનિર્મલકારિકા, અક્ષતપૂજા એહ;
ભવિયણ ભાવે કીજીએ, લહીએ શિવપુરગેહ. ૧
ઉત્તમક્ષેત્રે નીપન્યા, અખંડ નયનાનંદ;
ઉજ્જવલ તંડુલપૂજના, કરીએ શ્રીજિનચંદ. ૨

(મેરૂશિખર ન્હવરાવોહો સુરવર, મેરૂ૦—એ દેશી.)

અક્ષતપૂજા કીજે હો ભવિકા, અક્ષતપૂજા કીજે.
શુભતંદુલ ઉજ્જવલ શુભક્ષેત્રે, નીપન્યા તેહીજ લઇએ;
ગોધૂમ પણ તિમ પૂજા કીજે, શુભભાવે ગહગહીએ હો
ભવિકા. અ. ૧

ચારગતિચૂરકસ્વસ્તિક પ્રભુ-આગે કીજે ભાવે;
ત્રણપુંજ રત્નત્રયી વરવા, કરતાં ભવદુઃખ જાવે હો ભવિકા.
અ. ૨

સિદ્ધશિલાઉપર એક યોજન, ચોવીસમા તસ ભાગે;
મોક્ષશિવસિદ્ધપદને હેતે, સિદ્ધશિલા કરો આગેહો ભવિકા.
અ. ૩

ભવભવનાં પુનરાવર્ત્ત હરવા, વરવા શિવપટ્ટરાણી;
નંદાવર્ત્ત કરો ભવિ ભાવે, હોવે ભવભયહાણીહો ભવિકા.
અ. ૪

કીરયુગલે જિમ અક્ષતપુજા, કરતાં સુખ બહુ લીધું;
બુદ્ધિસાગર શિવસુખસંપદા, પામવા મનડું કીધું હો
ભવિકા. અ. ૫

(કયું જાણ્યું કયું બનો આવહી.—એ દેશી.

શુભપરિણામ તે ભાવથી, અક્ષતપૂજા સાર હો ભવિક;
ભાવરોગ દૂર ટાળવા, ઔષધસમ ચિત્ત ધારહો ભવિક.
ભાવપૂજા અતિસુખ દીએ. ૧

હિંસા જૂઠ ચોરી તજો, પરનારી નિરધારહો ભવિક;
તનુ-ધનમમતા પરિહરો, રયણીભોયણ અંધકારહો ભવિક.
ભાવ. ૨

દિશીગમન નિયમ કરો, ચૌદનિયમ નિત્ય ધારહો ભવિક;
બત્રીશ અનંતકાય તિમ, અભક્ષ્ય બાવીસ નિવારહો
ભવિક. ભાવ. ૩

કષાય મદ વિકથા વળી, વિષય નિદ્રા ત્યાગહો ભવિક;
ચિત્ત સંતાપના હેતુ જે, તેથી ન ધરિયે રાગહો ભવિક. ભાવ. ૪
અહં મમ મોહ મંત્રનો, ત્યાગ કરો ગુણવંતહો ભવિક;
વિપરીતમંત્રમનનથકી, થાઓ શાશ્વતસુખવંતહો ભવિક.ભાવ.૫

અનંતરત્નત્રયીગુણે, ચેતનદ્રવ્ય વિચારહો ભવિક;
કર્મવિનાશથી સંપજે, સ્થિતિ સાદિ અપારહો ભવિક. ભાવ. ૬
અક્ષતઅક્ષયસુખભણી, ભાવપૂજા સુરસાલહો ભવિક;
બુદ્ધિ શિવસુખસંપદા, પામે મંગલમાલહો ભવિક. ભાવ. ૭

ॐ ह्रीँ श्रीँ–परमअक्षतं यजामहे स्वाहा.

---

૭ नैवेद्यपूजा.

દુહા.

નૈવેદ્યપૂજા સાતમી, દુઃખદોહુગ હરનાર;
સુરનરશિવસુખ પામવા, કલ્પવૃક્ષસમ સાર. ૧
વિવિધદુઃખમૃગ-સિંહસમ, શાન્તિ તુષ્ટિ કરનાર;
પ્રભુપૂજાથી રોગ શોગ, એ સહુ દૂર થાનાર. ૨

(તેજે તરૂણીથી વડોરે એ દેશી.)

નૈવેદ્યપૂજા સાતમીરે, કરીએ આણી પ્રેમ;
ભવજલ તરવા નાવિકારે, આપે શિવસુખક્ષેમહો ભવિકા.
નૈવેદ્યપૂજા કીજીએરે.
જિનઆણા શિર દીજીયેરે, જન્મમરણ દૂર જાય. ૧
મોદક લાપસી ઘેંથરાંરે, બરફી પેંડા ફુલેર;
ઘેબર ધારી સાંકલીરે, વિધિયે કરી નિજ ઘેરહો. ભ. નૈ. ૨
પાપડ પૂરી રેવડીરે, ખુરમાં ખાજાં સાર;
ફેણી જલેબી ખીરથીરે, પૂજા કરો મનોહારહો ભ. નૈ. ૩
ગુંદવડાં ને રેવડીરે, શાલ દાલ ઘૃત ગોળ;
પ્રભુ ભક્તિથી પૂજીએરે, હોવે જયું રંગ ચોલહો ભ. નૈ. ૪

હલીયપુરૂષપેરે પૂજનારે, જે કરશે નરનાર;
બુદ્ધિ શિવસુખસંપદારે, પામી લહે ભવપારહો ભ. નૈ. ૫

(વીર જિણેસર ઉપદિશે–એ દેશી.)

ભાવનાપૂજા ભાવથી, નૈવેદ્યની જે કરશેરે;
પ્રવહણસમ છે ભાવના, ભાવે તે શિવ વરશેરે. ભા. ૧
આ સંસાર અનિત્ય છે, સંધ્યારંગસમ દેખોરે;
તેમાં જન્મમરણ કર્યા, આવે નહિ તસ લેખોરે. ભા. ૨
શરણ નહિ સંસારમાં, મરતા જીવને કાંઇરે;
મૃત્યુવશથયા જીવને, નહિ કોઇ જગમાં સખાઇરે. ભા. ૩
ત્રણ ભુવનમાં પ્રાણિયો, ભટકયો અનંતિવારરે;
માતા લલનાપણે હુવે, પિતા પુત્ર વિચારરે. ભા. ૪
પુરૂષ સ્ત્રીપણે હોવતો, એ સંસારસ્વરૂપરે;
સંસારમાં જે રાચશે, તે પડશે ભવકૂપરે. ભા. ૫
પુત્ર સ્ત્રી પરિવારને, મારૂં મારૂં માનેરે;
સત્યવચન જિનવરતણાં, સાંભળતો નહિ કાનેરે. ભા. ૬
શરીરપંજરમાં રહ્યો, ચેતન એક મન આણરે;
એકલો આવ્યો એકલો, જાઇશ પરભવ જાણરે. ભા. ૭
તન ધન મંદિર માલીઆં, પુત્ર કલત્રને ભાઇરે;
તારાથી એ ભિન્ન છે, જૂઠી તાસ સગાઇરે. ભા. ૮
સાતધાતુથી નીપની, અશુચિમય આ કાયારે;
વિષ્ટા મૂત્ર શરીરમાં, કરવી શી ? તસ માયારે. ભા. ૯
જીવ માતાના પેટમાં, મલમૂતરમાં રહિયોરે;
દુઃખ અનંતુ ત્યાં સહ્યું, પવિત્ર શું હવે થઇયોરે. ભા. ૧૦
સમયે સમયે કર્મને, રાગાદિકથી બાંધેરે;
શિવસુખકારણ ધર્મને, કેમ મનથી નવિ સાધેરે. ભા. ૧૧

જેથી કર્મ રોકાય છે, તેહીજ સંવર જાણોરે;
કરવો આદર તેહનો, એહીજ ધર્મ વખાણોરે. ભા. ૧૨
તપ દ્વાદશ ચિત્ત ધારીએ, લોકસ્વભાવને સમજોરે;
આપસ્વભાવે સ્થિર થઈ, પરપુદ્દગલ મત રમજોરે. ભા. ૧૩
બોધિદુર્લભ જાણીને, જિનઆણા શિર વહીએરે;
અરિહંતભાષિતધર્મ છે, સત્યધર્મ જિન કહીએરે. ભા. ૧૪
જડ પુદ્દગલથી ભિન્ન છે, અરૂપી આતમસ્વરૂપરે;
બુદ્ધિસાગર ધ્યાવતાં, થાવે શિવપુરભૂપરે. ભા. ૧૫

ॐ ह्रीँ श्रीँ–परमनैवेद्यं यजामहे स्वाहा.

---

८ फलपूजा.

દુહા.

આઠમી ફલની પૂજના, કરીએ ભવિ હિત લાય;
ફલપૂજાથી પામીએ, શિવફલ અતિસુખદાય. ૧
ઉત્તમવૃક્ષતણાં અહી, ફળ રમણિક મનોહાર;
પ્રેમે પૂજો ભવિજના, હોવે જયજયકાર. ૨

(ઋષભજિણંદશું પ્રીતડી–એ દેશી.)

ફળપૂજા જિનરાજની, ભવિ કીજે હો ભાવે સુખકાર;
શાસ્ત્રવિધિઅનુસારથી, લહો શુભફળહો પામો ભવપાર. ફળ. ૧
શ્રીફળ આમ્ર બદામને, સીતાફળ હો દાડીમ હિતકાર;
કેળાં પિસ્તાં નીમજાં, રાયણફળ હો મેવો જયકાર. ફળ. ૨
કાળ અનાદિ જીવને, નહીં તૃપ્તિહો મનમાંહી લગાર;
વિવિધફળ ભક્ષણ કરી, જીવ રઝળ્યો હો ચઉગતિમોઝાર. ફળ. ૩

જીવ લાલચિયો લંપટી, ફળભક્ષણથી હો નહિ વિરમ્યો લગાર;
પાપભય નવિ ચિત્ત ગણ્યો, ભક્ષ્યાભક્ષ્યનો હો નવિ કરિયો
વિચાર. ફળ. ૪
જિનશાસન અંગીકરી, પ્રભુઆગે હો કરૂં વિનતિ એમ;
ફળમૂર્છા ઉતારતો, પ્રભુઆગેહો ઠવું આણી પ્રેમ. ફળ. ૫
આપો શિવફળ જિનવરા, જે પામીહો ભવનાં દુઃખ જાય;
બુદ્ધિસાગર સુખ લહી, પામે શિવફળ હો જે અતિસુખદાય.
ફળ. ૬

(સાંભળજો મુનિ સંયમ રાગે—એ દેશી.)

શાશ્વતશિવપદસ્વાદ લહો ભવિ, જૈનધર્મ ચિત્તધારીરે;
દ્રવ્યભાવથી ધર્મ જે જાણે, જાઉં તેહની બલીહારીરે. શા. ૧
સાતનય ઉત્તર તસ ભેદ, આગમથી જે જાણેરે;
સપ્તભંગી જે શુદ્ધિ જાણે, તે મુક્તિસુખ માણેરે. શા. ૨
ષડ્દ્રવ્યગુણપર્યાય જાણે, જાણે આતમસ્વરૂપરે;
ઉપાદેય આતમને જાણે, તે ન પડે ભવકૂપરે. શા. ૩
નવતત્ત્વ જિનેશ્વર ભાખે, બોધ તાસ જે કરશેરે;
હેય જ્ઞેય ઉપાદેય સમજી, સમકિત-શ્રદ્ધા વરશેરે. શા. ૪
શ્રદ્ધાથી સમકિત શુદ્ધ પ્રગટે, તેથી વિરતિ લહિયેરે;
વિરતિથી ક્ષય કર્મને કરતાં, શિવપુરમારગ વહિયેરે. શા. ૫
બાહિર અંતર પરમ એ તીન, આતમ પરિણતિ સમજોરે;
પરમાતમપદલક્ષ્ય વિચારી, અંતર આતમ રમજોરે. શા. ૬
શરીર વાણી મનથી જૂદો, આતમદ્રવ્ય ચિત્ત ધરતોરે;
અરૂપી અસંગી નિર્મલ, તાસ ધ્યાન મન કરતોરે. શા. ૭
રાગ દ્વેષ મોહશયના જોદ્ધા, તેહની સાથે વઢતોરે;
આત્મા આપસ્વરૂપે ખેલી, ક્ષપકશ્રેણીએ ચઢતોરે. શા. ૮

વીર્યોલ્લાસ વધે ગુણ પ્રગટે, કર્મકલંક ખપાવેરે;
શુક્લધ્યાનપાયાએ ચઢતો, કેવલજ્ઞાન ગુણ પાવેરે. શા. ૯
આયુષ્યસ્થિતિ પૂર્ણ કરીને, શરીરસંગ દૂર કરતોરે;
જન્મમરણના ફેરા ટાળી, સાદિઅનંત સ્થિતિ વરતોરે. શા. ૧૦
દુઃખાભાવરૂપમુક્તિ માને, નૈયાયિકમતવાદીરે;
સર્વવ્યાપકમુક્તિ માને, તે પણ છે ઉન્માદીરે. શા. ૧૧
સ્વામીસેવકભાવ સ્વીકારે, મુક્તિમાં તે ખોટારે;
કર્મ ખપ્યાથી સર્વે સરખા-માને તે જીવ મોટારે. શા. ૧૨
ગમનાગમન મુક્તિમાં માને, મતવાદી અજ્ઞાનીરે;
ગમનાગમનરહીત છે મુક્તિ, જાણે સ્યાદ્‌વાદજ્ઞાનીરે; શા. ૧૩
અનંતસુખમયમુક્તિફલને, પામે ભવિ નરનારીરે;
બુદ્ધિસાગર શિવસુખ પામે, ચિદાનંદપદ ધારીરે. શા. ૧૪

ॐ ह्रीँ श्रीँ परम-फलं यजामहे स्वाहा.

सर्वोपरी गीतं.

(નમો ભવિયણ ભાવશું એ-એ દેશી.)

અષ્ટપ્રકારી પૂજનાએ, દ્રવ્ય ભાવ મનોહાર; ભવિજન પૂજીએએ.
જિનપ્રતિમા જિનસારિખીએ, ભાખી શાસ્ત્રમઝાર. ભવિ. ૧
દર્શન દીઠે દેવનુંએ, પાપપંક દૂર થાય; ભવિ.
ભગવતીમાંહી મુનિવરાએ, પ્રતિમાવંદન જાય. ભવિ. ૨
નામનિક્ષેપો ઉચ્ચરેએ, સ્થાપના કિમ ન મનાય; ભવિ.
શુદ્ધભાવથી પૂજતાંએ, જન્મમરણ દૂર જાય. ભવિ. ૩
સાંકળચંદસુત જાણીએએ, ચુનીલાલ ઉદાર; ભવિ.
નથુભાઇસુત જાણીએએ, જેઠાભાઇ હિતકાર. ભવિ. ૪

જેઠાલાલ નરોત્તમ કારણેએ, મૂળચંદભાઇના કાજ; ભવિ.
ડાહ્યાભાઇની વિનતિએ, કરતાં શિવસુખ રાજ. ભવિ. ૫
શાસન વીર જિનેશ્વરાએ, હીરવિજય સૂરિ રાય; ભવિ.
સહેજસાગર ઉપાધ્યાયજીએ, તાસ શિષ્ય વખણાય. ભવિ. ૬
તાસ શિષ્ય ઉપાધ્યાયજીએ, જયસાગર જયકાર; ભવિ.
પાટપરંપર શોભતાએ, નેમસાગર સુખકાર. ભવિ. ૭
તસ શિષ્ય રવિસાગર ગુરૂએ, સંવેગી અનગાર; ભવિ.
તસ શિષ્ય સુખસાગર ગુરૂએ, ગામોગામ વિહાર. ભવિ. ૮
વસોનગર પધારિયાએ, સંઘ સકલ હરખાય; ભવિ.
ઋષભદેવતીર્થંકરાએ, નિરખી આનંદ થાય. ભવિ. ૯
તાસ પસાયે એ રચીએ, પૂજા અષ્ટપ્રકાર; ભવિ.
ભણો ભણાવો સાંભળોએ, ભાવથકી નરનાર. ભવિ. ૧૦
મેરૂપરે એ સ્થિર થઇએ, કરજો ભવિમન વાસ; ભવિ.
ચંદ્ર સૂર્ય જબ લગ રહેએ, જગમાં કરતા પ્રકાશ. ભવિ. ૧૧
તબ લગ પૂજા વિસ્તરોએ, શાંતિ તુષ્ટિ કરનાર; ભવિ.
રૂદ્ધિ વૃદ્ધિ સુખ સંપદાએ, પૂજાથી થાનાર. ભવિ. ૧૨
સંવત ઓગણીસ ઉપરેએ, ઓગણસાઠની સાલ; ભવિ.
ફાગણ વદી એકાદશીએ, પૂજા પૂર્ણ વિશાલ. ભવિ. ૧૩

કલશ.

એમ સકલસુખકર દ્રવ્ય ભાવે, પૂજા અષ્ટપ્રકારીએ;
ભણે ભણાવે સુણે જે ભવિ, તે શિવસુખ લહે ભારીએ.
તપગચ્છશાખાગગનમંડળદિવાકરપેરે છાજતા;
વૈરાગ્યરંગે વ્યાપ્યું જસ મન, મહિમા જગ જસ ગાજતા. ૧

રવિસાગર ગુરૂ પ્રેમે પ્રણમું, સંવેગી સિરદારએ;
જસ નામ દેતાં સકલમંગલ, પામે ભવિનરનારએ.
તસ પદ્દપંકજભૃંગસમ શ્રી-સુખસાગરગુરૂબાલએ;
એમ બુદ્ધિસાગર શિવસનાતન, પામે મંગલમાલએ. ૨

इति अष्टप्रकारीपूजा संपूर्ण.

वास्तुकपूजा.

दुहा.

શ્રી સંખેશ્વરપાર્શ્વનાથ, ત્રેવીસમા જિનરાય;
ધરણેંદ્ર પદ્માવતી, પૂજે જેહના પાય. ૧
પાર્શ્વયક્ષ જસ શોભતો, સેવા કરે ચિત્ત લાય;
પુરિસાદાણી પાર્શ્વનાથ, ધ્યાતાં શિવસુખ થાય. ૨
વાસ્તુકપૂજા ઘરતણી, કરતાં સુખ વિશાલ;
રૂદ્ધિ વૃદ્ધિ સુખ સંપજે, હોવે મંગલમાલ. ૩
પંચ પંચ વસ્તુથકી, સંખેશ્વરપ્રભુપાસ;
પૂજો ભવિ ભાવે કરી, સફળ હોવે મન આશ. ૪
ચિંતામણિસમ પાર્શ્વનાથ, પાર્શ્વમણિસમ નામ;
ધ્યાતાં ગાતાં પ્રાણીનાં, સિદ્ધ સઘળાં કામ. ૫

प्रथमपूजा.

(મલ્લિજિન વંદીએ ભવિ ભાવેરે—એ રાગ.)

સંખેશ્વરપાસપ્રભુ નિત્ય ગાવોરે, શાશ્વત શિવકમળા પાવો,
કાશીદેશ વણારસીગામરે, વિશ્વસેનરાજા અભિરામરે;
વામામાતા સુખવિશ્રામ. સંખેશ્વર. ૧

પ્રભુ માતકુખે જબ આયારે, ઇંદ્ર ચોસઠ સુરગિરિ લાયારે;
સુરાસુર મનમાં હરખાયા. સંખેશ્વર. ૨
એક લાખને સાઠ હજારરે, આઠજાતિ કળશ મનોહારરે;
પ્રભુ ન્હવણ કરે જયકાર. સંખેશ્વર. ૩
ઇંદ્રાણીયો હસ્તી ગાતીરે, જિનદર્શન કરી હરખાતીરે;
નાટક કરી મનમાં માતી. સંખેશ્વર. ૪
એવા પાર્શ્વપ્રભુ ઘર લાવોરે, શુભ સિંહાસન પધરાવોરે;
પ્રભુ ન્હવણ કરી સુખ પાવો. સંખેશ્વર. ૫
રોગશોગ સહુ દૂર નાસેરે, પ્રભુશ્રદ્ધા મનમાં વાસેરે;
શાશ્વતપદ બુદ્ધિ ભાસે. સંખેશ્વર. ૬

मंत्रम्—ॐ नमो भगवते श्री संखेश्वरपार्श्वनाथाय ह्रीँ धरणेंद्रपद्मावतीसहिताय जन्मजरामृत्युनिवारणाय क्षुद्रोपद्रवशमनाय जलं, चंदनं, पुष्पं, धूपं, दीपं, अक्षतं, नैवेद्यं, फलं यजामहे स्वाहा.

द्वितीयपूजा.

દુહા.

સ્નાત્ર ભણાવી પાર્શ્વનું, પૂજા કીજે સાર;
પૂજક પૂજ્યની પૂજના, સમજીજે સુખકાર. ૧
બેઉ પાસે વીંજીએ, ચામર ચારૂ ઉમંગ;
દર્પણ પ્રભુ આગળ ધરો, હોવે જયજય રંગ. ૨

(સુતારીના બેટા તુને વિનવુંરે લોલ—એ દેશી.)

પ્રભુ પાર્શ્વજિનેશ્વર ગાવીએરે લોલ, શ્રી સંખેશ્વર પ્રભુ નામજો
તુજ નામથી નવનિધિ સંપજેરે લોલ, મનવાંછિત સિદ્ધે કામજો

નામ રૂડું સંખેશ્વર પાસનુંરે લોલ, મિથ્યાત્વદશા દૂર થાયજો
શુદ્ધ શ્રદ્ધા હૃદય પ્રગટાયજો. નામ રૂડું. ૧
પૂજા વાસ્તુક દોય પ્રકારનીરે લોલ, શુભ અશુભ ભેદ કહાયજો
દ્રવ્યવાસ્તુકપૂજાના એ કહ્યારે લોલ, તેહ હરખે કહું ચિત્ત લાયજો
નામ રૂડું. ૨
ઘર મહેલ કરાવી તેડિયેરે લોલ, બ્રાહ્મણ હોમાદિક વાસજો,
વેદ ગાયત્રી મંત્ર ભણાવીએરે લોલ, બ્રાહ્મણ જમાડીએ ખાસજો
નામ રૂડું. ૩
દેવદેવીબ્રહ્માદિક પૂજિયેરે લોલ, પાડાબુદ્ધિએ કોળું કપાયજો;
મરી નરકતણાં દુઃખ ભોગવેરે લોલ, મિથ્યા વાસ્તુકપૂજા
કથાયજો. નામ રૂડું. ૪
ફુલશ્રીફલ પ્રમુખને હોમતાંરે લોલ, પંચેન્દ્રિય હિંસા થાયજો;
અપમંગલ એહ ખરૂં કહ્યુંરે લોલ, અશુભ વાસ્તુકપૂજા કહાયજો.
નામ રૂડું. ૫
શુભ વાસ્તુકપૂજા વર્ણવુંરે લોલ, જેનું રૂડું વિશાલ સ્વરૂપજો;
બુદ્ધિ શાશ્વતસંપદા પામીએરે લોલ, પાસ નામ તે મંગલ
રૂપજો. નામ રૂડું. ૬

मंत्रम्—ॐ नमो भगवते—जलं, चंदनं, पुष्पं, धूपं, दीपं,
अक्षतं, नैवेद्यं, फलं यजामहे स्वाहा.

तृतीयपूजा.

દુહા.

શુભ વાસ્તુકપૂજા કહું, આણી અતિશય ભાવ;
સ્વર્ગાદિકસુખ પામીએ, હોવે શિવસુખ દાવ. ૧

દેવ અરિહંત જાણીએ, દોષરહીત અઢાર;
ગુરૂ સુસાધુ મહાવ્રતી, પાળે પંચાચાર. ૨
જિનવરભાષિત સત્ય છે, જૈનધર્મ જગજોય;
સુખ દુઃખ હોવે કર્મથી, અવર ન કર્તા કોય. ૩

(અનિહાંરે ન્હવણ કરો જિનરાજનેરે—એ દેશી.)

અનિહાંરે વાસ્તુકપૂજા શુભ કીજીએરે, તજી અવર દેવની આશ;
સુપાત્રે દાન દીજીએરે, સૂત્રશ્રવણરૂચિ અભિલાષ,
શ્રી સંખેશ્વર પ્રભુ પાસજીરે. ૧
ભવિ ભાવે દ્રવ્યાર્થિકનયે કરીરે, શાશ્વત છે લોકાલોક;
કર્તા તેહનો કો નહિરે, કેમ કર્તા માનીએ ફોક. શ્રી સંખે. ૨
ઉર્ધ્વ અધો અને તીર્છાલોકનીરે, સ્થિતિ છે અનાદિઅનંત;
કર્તા તેહનો કો નહિરે, એમ ભાખે શ્રી ભગવંત. શ્રી સંખે. ૩
નવતત્ત્વ ષડ્દ્રવ્ય છે નિત્ય શાશ્વતારે, દ્રવ્ય ગુણપર્યાયરૂપ;
બે ભેદે જીવ દાખિયારે, તસ લક્ષણ છે ચિદ્રૂપ. શ્રી સંખે. ૪
પરિણામી પુદ્ગલ જીવ દો જાણીએરે, અનાદિ સંબંધ વિચાર;
કર્તા કર્મનો આતમારે, તેમ ભોક્તા હૃદયે ધાર. શ્રી સંખે. ૫
શુભાશુભકર્મ ગ્રહી ભોગી આતમારે, વેદે શાતા અશાતા દોય;
દેવ મનુજ નારક તિરિરે, ચઉગતિમાં ભટકે જોય. શ્રી સંખે. ૬
જીવે કીધાં પુણ્ય પાપ તે ભોગવેરે, પરપુદ્ગલસંગે ખાસ;
રાચ્યો માચ્યો પુદ્ગલમાં વસ્યોરે, બન્યો પુદ્ગલનો જીવ દાસ;
શ્રી સંખે. ૭
પ્રભુપૂજા કરતાં પ્રાણિયા સુખ લહેરે, નાસે કર્માષ્ટકપાશ;
સ્વામીવચ્છલ નવકારશીરે, હેતુ સુખનાં દીસે ખાસ.
શ્રી સંખે. ૮

શુભભાવે નૈવેદ્ય થાળમાં મૂકીનેરે, પ્રભુ આગળ ધરીએ ચંગ;
રત્નત્રયી કમળા વરેરે, બુદ્ધિશાશ્વતપદરંગ. શ્રી સં'ખે. ૯

मंत्रम्–ॐ नमो भगवते–जलं, चंदनं, पुष्पं, धूपं, दीपं,
अक्षतं, नैवेद्यं, फलं यजामहे स्वाहा.

चतुर्थपूजा.

દુહા.

શરીરપુદ્ગલમાં વસ્યો, પુદ્ગલ માની ગેહ;
પરભવ સાથ ન આવતું, ક્ષણમાં નાશી તેહ. ૧
દેહ અનંતા છંડિયા, ભટકી આ સંસાર;
લાખ ચોરાશી હું ભમ્યો, તાર તાર પ્રભુ! તાર. ૨

(સાંભળજો મુનિ સંયમ રાગે, ઉપશમ શ્રેણી ચઢીઆરે–એ રાગ.)

શ્રી સંખેશ્વરપાર્શ્વપ્રભુ નિત્ય, મનમંદિરમાં ધરીએરે;
ધ્યાવી ગાવી પાપ ગમાવો, શ્રદ્ધા સમકિત વરીએરે. શ્રી સંખે. ૧
યાદવલોકની જરા નિવારી, ષડ્દર્શન વિખ્યાતરે;
વામાનંદન જગજનવંદન, નમતાં પાવન ગાત્રરે. શ્રી સંખે. ૨
પરપરિણતિથી અષ્ટકર્મ ગ્રહી, પરભોગી પરકર્તારે;
અતુલબલી પણ કર્મપિંજરમાં, વસિયો નિજગુણ ધરતારે.
શ્રી સંખે. ૩
ઔદારિક વૈક્રિય આહારક, તૈજસ કાર્મણ પંચરે;
પંચશરીર ઘર માની વસિયો, કરતો કર્મનો સંચરે. શ્રી સંખે. ૪
સુરાપાની બકતો ફરે વળી, ધત્તુરભક્ષક જેમરે,
અવળી પરિણતિથી અહો આતમ,સ્વરૂપ ભૂલ્યો તેમરે.શ્રી સંખે.૫

ભવમાં ભમતાં પુણ્યોદયથી, સદ્ગુરૂ સહેજે મળિયારે;
બુદ્ધિ શિવસુખ પામે અવિચલ, સકળ મનોરથ ફળિયારે.
શ્રી સંખે. ૬

मंत्रम्—ॐ नमो भगवते—जलं, चंदनं, पुष्पं, धूपं, दीपं,
अक्षतं, नैवेद्यं, फलं यजामहे स्वाहा.

पंचमपूजा.

દુહા.

સદ્ગુરૂ પંચમહાવ્રતી, પંચમહાવ્રત ધાર;
ભાવથી વાસ્તુકપૂજના, કહેવે અતિસુખકાર. ૧
પુદ્ગલદ્રવ્યથી ભિન્ન છે, અચલ અમલ ગુણવાન્;
શુદ્ધ બુદ્ધ પરમાતમા, ચિદાનંદ ભગવાન્. ૨
ઘર આતમનું ઓળખ્યું, જેનો રૂડો મહેલ;
વાસ ખરો મુજ એહમાં, વસતાં શિવસુખ સહેલ. ૩

(નમોરે નમો શ્રી શત્રુંજય ગિરિવર—એ રાગ.)

વાસ્તુકભાવપૂજા નિજભાવે, ચેતનની શુદ્ધ દાખીરે;
વાસ વસે ચેતન જે મધ્યે, તેહની પૂજા ભાખીરે.
શ્રી સંખેશ્વરપાસજી ગાવો. ૧
અસંખ્યપ્રદેશ આતમના જાણો, શુદ્ધવાસ જીવ હોયરે;
ગુણપર્યાય સ્વભાવ અનંતા, એકેક પ્રદેશે જોયરે. શ્રી સંખે. ૨
જ્ઞાતા જ્ઞેય ને જ્ઞાન ત્રિભંગી, આતમમાંહી સમાયરે;
અસ્તિ નાસ્તિ સમકાલે લાધે, એવો આતમરાયરે. શ્રી સંખે. ૩
ધર્માધર્મને પુદ્ગલાકાશ, તેહતણા પ્રદેશરે;
ગુણપર્યાયધર્મે તસકેરા, નહિ એક જીવ ગુણ લેશરે. શ્રી સંખે. ૪

શુદ્ધ બુદ્ધ પરમાત્મસ્વરૂપ, અવ્યાબાધ અભંગરે;
અવિનાશી અકલંક અભોગી, ભોગી અયોગી અસંગરે.
શ્રી સંખે. ૫
નિત્યાનિત્યને એકાનેક, સદસત્ ભાવ વિચારરે;
વક્તવ્યાવક્તવ્ય એ આઠ-પક્ષતણો આધારરે. શ્રી સંખે. ૬
શુદ્ધસ્વરૂપી જ્ઞાનાનંદી, ચેતનવાસ કહાયરે;
સુખ અનંતુ ચેતનઘરમાં, વચનઅગોચર થાયરે. શ્રી સંખે. ૭
આત્મથકી છૂટે જબ કર્મ, તબ પામે શિવસ્થાનરે;
શાશ્વતઅમલઅચલપદ ભાવે, વાસ્તુકપૂજા માનરે. શ્રી સંખે. ૮
એણીપેરે વાસ્તુકપૂજા કરશે, તે તરશે સંસારરે;
બુદ્ધિસાગર ક્ષાયિકસમકિત, પામી લહે ભવપારરે. શ્રી સંખે. ૯

कलश.

ગાઈ ગાઇરે એ વાસ્તુકપૂજા ગાઇ,
અચલ અમલ અભંગ મહોદય, શુદ્ધસત્તા નિજ ધ્યાચી;
સમકિતદાયકહેતે પૂજા, કરતાં હર્ષ વધાઇરે.
એ વાસ્તુકપૂજા ગાઈ. ૧
મિથ્યાપરિણતિનાશક તારક-આત્મ સ્વભાવે સુહાઈ;
પરમાતમપદપ્રાપ્તિકારક, સુખકરસમકિતદાઇરે. એ વાસ્તુક. ૨
ધરણેંદ્ર પદ્માવતી દેવી, જેહની સારે સેવ;
સુરપતિયતિતતિભૂપતિપૂજિત, શ્રી સંખેશ્વરદેવરે. એ વાસ્તુક. ૩
તાસ પસાયે પૂજા રચીએ, હર્ષ અતિ દિલ લાચી;
જયજય મંગળમાળા કમળા, આતમમાં પ્રગટાઇરે. એ વાસ્તુક. ૪
જન્મભૂમિ વિજાપુરગામે, માસકલ્પ કરી સાર;
માઘશુકલબારસદિન રચતાં, સંઘમાં હર્ષ અપારરે. એ વાસ્તુક. ૫

વિદ્યાદાયક ધર્મસહાયક, ગંભીર શ્રદ્ધાવંત;
દોશી નથુભાઇ મંછારામ-હેતે એહ રચ્યંતરે. એ વાસ્તુક. ૬
શેઠ છગનલાલ બેચરકાજે, કીધી રચના ભાવે;
સંઘ સકલમાં આનંદ મંગલ, રૂદ્ધિ વૃદ્ધિ સુખ થાવેરે.
એ વાસ્તુક. ૭
તપગચ્છમંડન હીરવિજયસૂરિ, જસ ગુણ સુરનર ગાયા;
તાસ શિષ્ય શ્રી સહેજસાગરજી, ઉપાધ્યાય કહાયારે. એ વાસ્તુક.૮
પાટપરંપર નેમસાગરજી, ક્રિયાવંત મહંત;
તાસ શિષ્ય શ્રી રવિસાગરજી, વૈરાગી ગુણવંતરે. એ વાસ્તુક. ૯
સંવેગી આતમગુણરંગી, સુખસાગર ગુરૂ રાયા;
ગામોગામ વિહાર કરંતા, વિદ્યાપુરમાં આયારે. એ વાસ્તુક. ૧૦
ચઢતે ભાવે હર્ષ ઉલ્લાસે, કીધી રચના એહ;
ભવ્યજીવને અમૃતસમ એ, ચાતકને જેમ મેહરે. એ વાસ્તુક. ૧૧
શાંતિ તુષ્ટિ સુખસંપદા થાવે, રોગ શોગ દૂર જાય;
બુદ્ધિસાગર શાશ્વતપદ લહી, મુક્તિવધૂસુખ પાયરે.
એ વાસ્તુક. ૧૨
શ્રી સંખેશ્વરપાસપ્રભુજી, ગાતાં સુખ વિશાલ;
શ્રી વિદ્યાપુર સકલસંઘમાં, હોવે મંગલમાલરે. એ વાસ્તુક. ૧૩

मंत्रम्-ॐ नमो भगवते-जलं, चंदनं, पुष्पं, धूपं, दीपं, अक्षतं, नैवेद्यं, फलं यजामहे स्वाहा.

वास्तुकपूजा विधि.

દરેક વસ્તુ પાંચ પાંચ લેવી, અષ્ટપ્રકારી પૂજાનો સામાન લેવો, આઠ સ્નાત્રીયા કરવા.

એક કળશ ગ્રહણ કરે, બીજો કેશરની વાટકી ગ્રહણ કરે, ત્રીજો ફુલનો હાર વા છુટાં ફુલ ગ્રહણ કરે, ચોથો ધૂપ, પાંચમો દીપક, છઠો રકેબીમાં અક્ષતનો સ્વસ્તિક લઈને ઉભો રહે, સાતમો નૈવેદ્ય લઈ ઉભો રહે, આઠમો ફળ લઇ ઉભો રહે. દરેક પૂજાએ અભિષેક કરી પૂજા કરવી.

૫ કળશ, ૫ કેશરની વાટકી, ૫ ફુલના હાર, ધૂપધાણું, ૫ દીપક, ૫ ચોખાના સાથીઆ, ૫ નૈવેદ્ય, ૫ ફળ.

વાસ્તુકપૂજા જેનું ઘર કરે, અને તેમાં પ્રવેશ કરે તે ભણાવે. તેને ઘેર આ પૂજા ભણાવતાં આનંદ મંગળ થાય. રોગ, શોક, વહેમ સર્વે નાશ પામે. નવસ્મરણ કુંભની સ્થાપના કરી અને દીવો કરી ભણવાં. શક્તિ હોય તો સ્વામીયાને જમાડવા. ઇંદ્રાણીઓ છોકરીઓને કરે તો કરવી.

इति वास्तुकपूजा संपूर्ण.

આરતી ૧.

જય! જય! વીરજિનેશ્વર! દેવા!
સુર-નર-ઇંદ્ર લહે સેવમેવા.
બાર ગુણે ગુણવંતા પ્યારા!
ત્રણ ભુવનના છો આધારા. જય. ૧
ચોત્રીશ અતિશય ગુણગણધારી,
પાંત્રીશ વાણી ગુણે જયકારી. જય. ૨
ત્રિશલાનંદન શિવ સુખકારી,
સિદ્ધારથ-કુલ શોભાકારી. જય. ૩
દ્રવ્ય-ભાવથી આરતિ કરિયે,
મંગલમાલા સહેજે વરિયે. જય. ૪
બુદ્ધિસાગર પ્રભુગુણ લેવા,
સંઘ ચતુર્વિધ કરે નિત્ય સેવા. જય. ૫

આરતી ૨.

જય જય આરતિ આદિજિણંદા,
નાભિરાજા મરૂદેવીકા નંદા.
પહેલી આરતિ પૂજા કીજે,
નરભવ પામીને લ્હાવો લીજે. જય જય. ૧
દૂસરી આરતિ દીનદયાળા,
ધુળેવાનગરમાં જગઅજવાળા. જય જય. ૨
તીસરી આરતિ ત્રિભુવનદેવા,
સુર-નર-ઇંદ્ર કરે તોરી સેવા. જય જય. ૩
ચોથી આરતિ ચઉગતિ ચૂરે,
મનવાંછિત ફળ શિવસુખ પૂરે. જય જય. ૪

પંચમી આરતિ પુણ્ય ઉપાયો,
મૂળચંદ રિખવ-ગુણ ગાયો. જય જય. ૫

આરતી ૩.

અપછરા કરતી આરતિ જિનઆગે,
હાંરે જિનઆગેરે જિનઆગે,
હાંરે એ તો અવિચલ-સુખડાં માગે,
હાંરે નાભિનંદનપાસ. અપછરા. ૧
તાથેઈ નાટક નાચતી પાય ઠમકે,
હાંરે દોય ચરણે ઝાંઝર ઝમકે,
હાંરે સોવન ઘુઘરી ઘમકે,
હાંરે લેતી ફુદડી બાળ. અપછરા. ૨
તાલ-મૃદંગ ને વાંસળી-ડફ-વીણા,
હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા,
હાંરે સુણી ચાતક-જન અતિલીણા,
હાંરે જોતી મુખડું નિહાળ. અપછરા. ૩
ધન્ય મરૂદેવી માતને પ્રભુ જાયા,
હાંરે તોરી કંચનવરણી કાયા,
હાંરે મેં તો પૂરવ પુણ્યે પાયા,
હાંરે દેખ્યો તારો દેદાર. અપછરા. ૪
પ્રાણજીવન પરમેશ્વરૂ પ્રભુ પ્યારો,
હાંરે પ્રભુ! સેવક હું છું તારો,
હાંરે ભવોભવનાં દુઃખડાં વારો,
હાંરે તમે દીનદયાળ. અપછરા. ૫
સેવક જાણી આપનો ચિત્ત ધરજો,

હાંરે મારી આપદા સઘળી હરજો,
હાંરે મુનિ માણેક સુખીઓ કરજો,
હાંરે જાણી પોતાનો બાળ. અપછરા. ૬

આરતી ૪.

શ્રી સરસ્વતી માઈ, કૃપા કરો આઈ; (૨)
સરસવચન સુખદાઇ, (૨) દો મુજ ચતુરાઈ. જય! દેવ! (૨) ૧
વર્દ્ધમાન દેવા, જુગમાં નહિ એવા; (૨)
પાતિક દૂર કરવા, (૨) કરે ઇંદ્ર સેવા. જય! દેવ! (૨) ૨
રત્નત્રયી-રાયા, ત્રિશલાના જાયા; (૨)
સિદ્ધારથ-કુલ આયા (૨) કંચનવરણી કાયા. જય! દેવ! (૨) ૩
શાસન બહુ સારો, ભાગે મુજ પ્યારો; (૨)
સંકટ દૂર નિવારો, (૨) ભવ-જલથી તારો. જય! દેવ! (૨) ૪
તું ત્રિભુવન-સ્વામી, કર્મ-મેલ વામી; (૨)
કેવલજ્ઞાનસુ પામ્યા, (૨) શિવપુરના સ્વામી. જય! દેવ! (૨) ૫
ભવ-આરત ટાળો, નેહ નજર ન્યાળો; (૨)
મયા કરી મુજ તારો (૨) મુજ કર તુમ ઝાલો. જય! દેવ! (૨) ૬

આરતી ૫.

જય! દેવ! જય! દેવ!
જય! જિનવર! દાતા! પ્રભુ! જય! જિનવર! દાતા!
આરતિ અરિહાકેરી, (૨) કરતાં સુખશાતા. જય! દેવ! (૨) ૧
દૂસરી આરતિ નાથ, શત્રુંજય કરના, પ્રભુ! શત્રું.
પાપપડલ સહુ જાવે, (૨) ગિરિઉપર ચઢતાં. જય! દેવ! (૨) ૨
આરતિ કરતા ઇંદ્ર, ત્રિભુવનની ત્રીજી, પ્રભુ! ત્રિભુ.

કંચનગિરિ ઉપરે, (૨) મનથી બહુ. રીઝી. જય! દેવ! (૨) ૩
ચોથી આરતિ નાથ, ચઉગતિ તો જાવે, પ્રભુ! ચઉ.
ભાવે ભક્તિ કરીએ, (૨) ભવજલને તરવા. જય! દેવ! (૨) ૪
પંચમી આરતિ નાથ, પવિત્ર થવા કરીએ, પ્રભુ! પવિ.
આ ભવજલમાં રહીને, (૨) લ્હાવો શુભ લઇએ. જય! દેવ! (૨) ૫
આરતિ પંચ ઉતારી, જિનવર-ગુણ ગાવા, પ્રભુ! જિન.
પ્રીતમ તુમ પરતાપે, (૨) કુલ શુદ્ધ પાવા. જય! દેવ! (૨) ૬

મંગલદીવો ૧.

દીવોરે દીવો મંગલિકદીવો, આરતી ઉતારી બહુ ચિરંજીવો. ૧
સોહામણું ઘર, પર્વ દીવાલી, ઉમર ખેલે અબલા-બાલી. ૨
દેપાલ ભણે ઇણે કુલ-અજુઆલી, ભાવે-ભગતેં વિઘ્ન નિવારી. ૩
સુફલ ભલો ઇણે કલિકાલે, આરતિ ઉતારી રાજા કુમારપાલે. ૪
અમઘર મંગલિક, તુમઘર મંગલિક, મંગલિક ચતુર્વિધ
સંઘને હોજો. ૫

મંગલદીવો ૨.

ચારો મંગલ ચાર આજ મારે ચારો મંગલ ચાર.
દેખ્યો દરસ સરસ જિનજીકો, શોભા સુંદર સાર. આજ. ૧
છીનું છીનું મનમોહન ચરચો, ઘસી કેશર-ઘનસાર. આજ. ૨
વિવિધજાતિકે પુષ્પ મંગાવો, મોગર લાલ ગુલાલ. આજ. ૩
ધૂપ ઉખેવો ને કરો આરતિ, મુખ બોલો જયકાર. આજ. ૪
હર્ષે ધરી આદીશ્વર પૂજો, ચૌમુખ પ્રતિમા ચાર. આજ. ૫
હેયે ધરી ભાવ, ભાવના ભાવો, જિમ પામો ભવપાર. આજ. ૬
સકલ સંઘ સેવક જિનજીકો, આનંદઘન ઉપકાર. આજ. ૭

મંગલદીવો ૩.

મંગલદીવો મંગલકારી–કરિયે જિનઆગળ જયકારી.

અરિહંત મંગલ પહેલું જાણો, બીજું સિદ્ધ મંગલ મન આણો ૧

સાધુ મંગલ ત્રીજું લહીએ, સદ્ગુણ પામી શિવપુર વહીએ. મં. ૨

ધર્મ મંગલ ચોથું સુખકારી, ચાર મંગલની છે બલીહારી. મં. ૩

ભાવમંગલ હેતે ચિત્ત ધારી, મંગલદીપ કરે નરનારી. મં. ૪

બુદ્ધિસાગર આનંદકારી, સંઘ ચતુર્વિધ શોભાકારી. મં. ૫